भाकृअनुप
ICAR

# भाकृअनुप-केन्द्रीय बागवानी परीक्षण केन्द्र

गोधरा-बडौदा हाईवे वेजलपुर (गोधरा) ३८९३४० (गुजरात)

Phone: Head of Station-02676-234657, 234077 (O) Asstt.. Adm. Officer-234076

## જાહેર નિવિદા નં - ૦૩/૨૦૨૧

## આમળાના ઉભા પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનુ આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઇવે, વેજલપુર-૩૮૯૩૪૦ ના બ્લોક નં.૨, ૩ અને ૪ના આશરે ૨૦ હેક્ટરમાં આવેલા આમળાના (૧૦૫૭ ઝાડ) ઉભા પાકની હરાજી માટે તારીખ **૧૧.૧૦.૨૦૨૧** ને **સોમવાર** ના રોજ બપોરે **૧૨.૦૦** કલાક સુધીમાં **સીલબંધ કવરમાં ભાવ આમંત્રિત કરવામાં આવે છે.** હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિ/પાર્ટીઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, વેજલપુરને સંબોધિત **માત્ર સીલબંધ કવરમાં આમળાના ઉભા પાકના ભાવ દર્શાવીને** અનામતની રકમ રૂ.૩૦૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ હેડ, સી.એચ.ઇ.એસ., વેજલપુરના નામનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, વેજલપુર (કોડ નં ૧૩૦૨૫) સંલગ્ન કરવાનો રહેશે. હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઇવે, વેજલપુર ના કાર્યાલય પર મુકેલ સીલબંધ ટેન્ડર બોક્ષમાં તારીખ ૧૧.૧૦.૨૦૨૧ ને **સોમવાર** ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે અનામત રાશી પ્રસ્તુત નહી કરવાની સ્થિતિમાં ઓફરનો સ્વીકાર કરવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ **સીલબંધ ઓફર** તે જ દિવસે ૧૨-૩૦ કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ આમળાના પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજનાં દિવસો દરમ્યાન સવારના ૧૦-૦૦ થી સાંજના ૦૪-૦૦ કલાક સુધી કરી શકશે. આમળાનો પાક "જે છે તે આજ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે. **સીલબંધ ઓફરમાં** જેની રકમ ઉચ્ચત્તમ હશે તે હરાજીમાં સફળ થશે સાથે આમળાના પાક ની તમામ જવાબદારી સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીની રહેશે. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ/પાર્ટીઓ પાન નંબર ધરાવતી હોવી જોઇએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મુકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યક્તિ/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહિ. હરાજીમાં સફળ ઉચ્ચત્તમ કુલ રકમના ૩૩ ટકા રકમ હરાજીના સ્થળે જમા કરાવવાની રહેશે. આમળાના કુલ ૧૦૫૭ ઝાડમાંથી ૦૬ ઝાડ ખેડુતોના પ્રદર્શન માટે અનામત રાખવામા આવશે. બાકીની રકમ નો ડિમાન્ડ ડ્રાફ્ટ બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. આમળાના ઉભા પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓને તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન થાય તેનુ ધ્યાન રાખવાનુ રહેશે જો નુકશાન થશે તો તેનુ પણ વળતર લેવામાં આવશે. અસફળ વ્યક્તિઓ/પાર્ટીઓને અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ પરત કરવામાં આવશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામા આવશે. કોઇપણ કારણસર સીલબંધ ઓફરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

પ્ર. પ્રધાન
કે.બા.પ.કે., વેજલપુર